

સૂચના : 1 થી 5 પ્રશ્નોમાં દરેકમાં ચાર આકૃતિઓ આપેલી છે. તે પૈકીની એક આકૃતિ બાકીની ત્રણ આકૃતિઓથી જુદી પડે છે. આ જુદી પડતી આકૃતિ શોધો.

1




(A) (B) (C) (D)

2




(A) (B) (C) (D)

3




(A) (B) (C) (D)

4



(A) (B) (C) (D)

5




(A) (B) (C) (D)




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**સૂચના :** નીચે આપેલા પ્રશ્ન 6 થી 10 માં સંકેતથી અરીસો દર્શાવેલ છે. તે અરીસાની ડાબી તરફની પ્રશ્ન આકૃતિને અરીસામાં જોવાથી તે કેવી દેખાશે ? તે જમણી બાજુ આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી જણાવો.


પ્રશ્ન આકૃતિ　અરીસો　ઉત્તર આકૃતિ

6 


(A) (B) (C) (D)

7 


(A) (B) (C) (D)

8 

(A) (B) (C) (D)

9 

(A) (B) (C) (D)

10 

(A) (B) (C) (D)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સૂચના : નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 11 થી 15 માં દર્શાવેલ વિકલ્પોને તાર્કિક રીતે ઉતરતા ક્રમમાં ગોઠવો.

11 1. જિલ્લા શિક્ષણાધિકારી

2. મામલતદાર

3. કલેક્ટર

4. તલાટી

(હોદ્દાના ક્રમ મુજબ)

(A) 1 - 3 - 2 - 4
(B) 3 - 1 - 2 - 4
(C) 4 - 2 - 1 - 3
(D) 3 - 2 - 1 - 4

12 1. હિન્દી

2. વિજ્ઞાન

3. સંસ્કૃત

4. ગુજરાતી

(સાપ્તાહિક કુલ તાસ મુજબ)

(A) 2 - 4 - 1 - 3
(B) 2 - 1 - 4 - 3
(C) 4 - 2 - 1 - 3
(D) 4 - 3 - 2 - 1

13 1. દિલ્હી

2. જયપુર

3. જમ્મુ

4. મુંબઈ

(ઉત્તરથી દક્ષિણ દિશા મુજબ)

(A) 1 - 3 - 2 - 4
(B) 4 - 2 - 1 - 3
(C) 1 - 3 - 2 - 4
(D) 3 - 1 - 2 - 4

14 1. સેન્ટીમીટર

2. કિલોમીટર

3. ફૂટ

4. મિલિમીટર

(A) 2 - 3 - 1 - 4
(B) 2 - 1 - 4 - 3
(C) 4 - 2 - 1 - 3
(D) 4 - 3 - 2 - 1

15 1. નગરપાલિક

2. લોકસભા

3. વિધાનસભા

4. તાલુકા પંચાયત

(A) 3 - 4 - 2 - 1
(B) 2 - 3 - 4 - 1
(C) 2 - 3 - 1 - 4
(D) 3 - 2 - 4 - 1



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

16 જો વર્ષ 2023 ની 12 મી ફેબ્રુઆરીએ રવિવાર હોય તો 12 મી ફેબ્રુઆરી 2024ના રોજ કયો વાર હશે ?

(A) મંગળવાર (B) રવિવાર (C) શનિવાર (D) સોમવાર

17 ત્રણ દિવસ પહેલાં ગુરૂવાર હોય તો ત્રણ દિવસ પછી કયો વાર આવશે ?

(A) ગુરૂવાર (B) સોમવાર (C) રવિવાર (D) મંગળવાર

18 માર્ચ મહિનો બુધવારથી શરૂ થતો હોય તો માર્ચ મહિના દરમિયાન કયા વાર પાંચ વખત આવશે ?

(A) રવિવાર, સોમવાર, મંગળવાર (B) બુધવાર, ગુરૂવાર, શુક્રવાર

(C) સોમવાર, મંગળવાર, બુધવાર (D) મંગળવાર, બુધવાર, ગુરૂવાર

19 વિમલ ઈશાનબાજુ પીઠ રાખી સીધી રેખામાં ચાલવાનું શરૂ કરે તો તે કઈ દિશા તરફ આગળ વધે ?

(A) નૈઋત્ય (B) વાયવ્ય (C) અગ્નિ (D) પૂર્વ

20 સૂર્યોદય સમયે અરૂણ ઉત્તર દિશા તરફ મોં રાખીને ઊભો છે. તો તેનો પડછાયો કઈ દિશા તરફ પડશે ?

(A) ઉત્તર (B) પશ્ચિમ (C) દક્ષિણ (D) પૂર્વ

21 રમેશ એક સીધી હરોળમાં ડાબી બાજુથી ગણતાં 15 મા અને જમણી બાજુથી ગણતાં 8 મા સ્થાને છે. તો તે હરોળમાં કુલ કેટલા વિદ્યાર્થી હશે ?

(A) 23 (B) 21 (C) કહી શકાય નહિ (D) 22

22 આરવ કરતાં નિવાન નાનો છે. જય કરતાં પલ નાની છે. નિવાન કરતાં મૈત્રા નાની છે. તો સૌથી નાનું કોણ છે ?

(A) મૈત્રા (B) નિવાન (C) આરવ (D) પલ

23 રમેશની દિવાલ ઘડિયાળમાં સવા વાગ્યે મિનિટ કાંટો ઉત્તર દિશામાં છે. ઘડિયાળ એજ સ્થિતિમાં હોય તો સાડા ત્રણ વાગ્યે મિનિટ કાંટો કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પશ્ચિમ (D) પૂર્વ

24 ચાર છોકરીઓ પૈકી પીનાંથી ઊચું કોઈ નથી. મીના એ ટીના કરતા ઊંચી છે પરંતુ રીના જેટલી ઊંચી નથી સૌથી નીચી છોકરી કઈ હશે ?

(A) ટીના (B) મીના (C) રીના (D) પીના



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

25 દિનેશ અને રમેશની હાલની ઉંમરનો સરવાળો 31 છે. સાત વર્ષ પછી બંનેની ઉંમરનો સરવાળો કેટલો થશે ?

(A) 31 (B) 38 (C) 45 (D) 24

**સૂચના :** આપેલ પ્રશ્નક્રમાંક 26 થી 35 માટે આપેલ ચાર વિકલ્પો પૈકીના ત્રણ વિકલ્પો કોઈ નિયમાનુસાર કે ચોક્કસ પેટર્ન મુજબ સમાન પ્રકારના છે. જ્યારે એક વિકલ્પ કોઈ રીતે બાકીના ત્રણ વિકલ્પ કરતા જુદો પડે છે તો જુદો પડતો વિકલ્પ શોધો.

26 (A) 

(B) 

(C) 

(D) 


27 (A) | 8 | 32 | 4 | (B) | 7 | 21 | 3 | (C) | 5 | 43 | 9 | (D) | 4 | 28 | 7 |

28 (A) 27 (B) 64 (C) 81 (D) 125

29 (A) ફૂટબોલ (B) ક્રિકેટ (C) હોકી (D) ટેબલટેનીસ

30 (A) સોનુ (B) ચાંદી (C) હીરો (D) પ્લેટીનમ

31 (A) ઋગ્વેદ (B) સામવેદ (C) અથર્વવેદ (D) આયુર્વેદ

32 (A) પૃથ્વી (B) ચંદ્ર (C) શુક્ર (D) મંગળ

33 (A) મકાઈ (B) વટાણાં (C) વાલ (D) ચણા

34 (A) જાન્યુઆરી (B) મે (C) જુલાઈ (D) નવેમ્બર

35 (A) જયપુર (B) અમદાવાદ (C) ભોપાલ (D) લખનઉ

**સૂચના :** આપેલ પ્રશ્નક્રમાંક 36 થી 40 માં અંગ્રેજી શબ્દોને કોઈ ચોક્કસ રીતે કોઈ નિયમ કે પેટર્ન મુજબ સાંકેતિક ભાષામાં અન્ય રીતે દર્શાવેલ છે. જેમાં આપેલા શબ્દને બરાબર આ જ નિયમ કે પેટર્ન મુજબ કઈ રીતે લખી શકાય તે આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને જવાબ આપો.

36 જો RAJU = ARUJ, BIHARI = IBAHIR થાય તો ? KUMKUM = ?

(A) UKKMMU (B) UKMKMU (C) UKKMUM (D) KUKMMU

37 જો TABLE = UBCMF, CHAIR = DIBJS તો SOFA = ?

(A) TPDB (B) RPGB (C) TPGB (D) RPGC

38 જો MALAY = 51312, LATA = 3161 તો YAMLA = ?

(A) 12531 (B) 12513 (C) 21531 (D) 21631



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

39 જો BAD = YZW તો BEST = ?

(A) YVHG (B) YVGH (C) VYHG (D) VYGH

40 જો BEST = 251920, BAD = 214 તો GOOD = ?

(A) 715154 (B) 715164 (C) 714154 (D) 716164

**સૂચના :** આપેલ પ્રશ્નક્રમાંક 41 થી 45 માં આપેલા પ્રથમ બે શબ્દોનો ચોક્કસ સંબંધ ધ્યાનમાં રાખી તે જ સહસંબંધ મુજબ ": :" પછીના બે શબ્દો યોગ્ય રીતે દર્શાવી શકાય તે પ્રમાણે (?) ચિહ્નના સ્થાને યોગ્ય શબ્દવાળો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

41 ડૉક્ટર : હૉસ્પિટલ : : ? : શાળા

(A) વર્ગખંડ (B) શિક્ષક (C) પ્રાર્થના (D) વિદ્યાર્થી

42 કાર : પેટ્રોલ : : શરીર : ?

(A) મૂત્ર (B) મગજ (C) ખોરાક (D) પરસેવો

43 કોર્ટ : ન્યાય : : શાળા : ?

(A) પરીક્ષા (B) શિક્ષણ (C) ટાઇમટેબલ (D) ટેબલ

44 સોડીયમ : તત્વ : : મીઠું : ?

(A) સંયોજન (B) NaCl (C) સફેદ (D) ખારાશ

45 અમેરીકા : ડોલર : : ભારત : ?

(A) કિંમત (B) રૂપિયો (C) ચલણ (D) આ પૈકી કોઈ નહિ

**સૂચના :** આપેલ પ્રશ્નક્રમાંક 46 થી 50 માં આપેલા ચાર બાબતોનો ચોક્કસ સંબંધ ધ્યાનમાં રાખી તાર્કિક રીતે ચડતા કે ઉતરતા ક્રમમાં તેમનો ક્રમ કેવી રીતે દર્શાવી શકાય તે સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

46 1. નદી (A) 4 - 3 - 1 - 2

2. સમુદ્ર (B) 3 - 4 - 1 - 2

3. વરસાદ (C) 2 - 4 - 3 - 1

4. ઝરણું (D) 3 - 1 - 4 - 2

47 1. શાળા (A) 2 - 1 - 4 - 3

2. બાલમંદિર (B) 4 - 2 - 1 - 3

3. કૉલેજ (C) 1 - 2 - 3 - 4

4. ઘર (D) 4 - 1 - 2 - 3



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

48 1. વાક્ય (A) 4 - 2 - 1 - 3

2. શબ્દ (B) 4 - 1 - 2 - 3

3. અક્ષર (C) 3 - 2 - 4 - 1

4. ફકરો (D) 3 - 1 - 2 - 4

49 1. જિલ્લો (A) 2 - 1 - 4 - 3

2. રાજ્ય (B) 4 - 1 - 2 - 3

3. તાલુકો (C) 4 - 2 - 1 - 3

4. દેશ (D) 3 - 1 - 4 - 2

50 1. $8 \div (7 + 1)$ (A) 2 - 1 - 4 - 3

2. $(20 \div 2) \div (4 + 1)$ (B) 4 - 2 - 1 - 3

3. $(14 \times 3) \div (7 \times 1)$ (C) 1 - 2 - 3 - 4

4. $(7 \times 5) \div (35 \times 2)$ (D) 4 - 1 - 2 - 3

સૂચના : આપેલ પ્રશ્નક્રમાંક 51 થી 55 મા '*' ને સ્થાને '–' (બાદબાકી ચિહ્ન), '#' ને સ્થાને 'X' (ગુણાકાર ચિહ્ન), '●' ને સ્થાને '+' (સરવાળા ચિહ્ન) અને '★' ને સ્થાને '÷' (ભાગાકાર ચિહ્ન) મુકી ગણતરી કરી આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

51 5 # 3 * 4 # 2 ● 3

(A) 10 (B) 11 (C) 4 (D) – 1

52 36 ★ 9 ● 3 # 2 * 9

(A) – 49 (B) $\frac{36}{15}$ (C) 1 (D) – 1

53 (16 # 4) ● (12 ★ 2)

(A) 38 (B) 16 (C) 128 (D) 70



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

54 (22 ★ 11) # (35 * 30)

(A) 45 (B) 10 (C) $\frac{36}{15}$ (D) $-3$

55 (6 # 6) ★ (13 * 4) ● 2

(A) $\frac{36}{11}$ (B) 12 (C) 6 (D) 32

સૂચના : આપેલ પ્રશ્નક્રમાંક 56 થી 65 માં ? (પ્રશ્નાર્થ ચિહ્ન)ની જગ્યાએ યોગ્ય સંખ્યા શોધો.

56 7, 8, 10, ?, 17, ?, 28

(A) 11, 19 (B) 13, 22 (C) 14, 19 (D) 15, 23

57 6, 12, 36, ?, 720

(A) 144 (B) 180 (C) 288 (D) 360

58 1, 4, 27, ?, 3125

(A) 64 (B) 128 (C) 256 (D) 625

59 1, 7, 21, ?, 73, 111

(A) 42 (B) 43 (C) 47 (D) 63

60 78, 71, 65, ?, 65, 53

(A) 60 (B) 61 (C) 59 (D) 58

61 2160, 360, ?, 18, 6

(A) 72 (B) 54 (C) 180 (D) 216

62 510, 254, 126, ?, 30, 14

(A) 63 (B) 62 (C) 60 (D) 61



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

63 6, 9, 10, 18, 14, ?, 18, 36

(A) 16 (B) 27 (C) 10 (D) 17

64 11, 16, 16, 21, 26, 16, ?, 36


(A) 31 (B) 16 (C) 36 (D) 33

65 6, 24, 12, 6, 24, 2, ?, 1

(A) 48 (B) 6 (C) 12 (D) 24

સૂચના : આપેલ પ્રશ્નક્રમાંક 66 થી 70 માં દર્શાવેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલાં ત્રિકોણ છે તે જણાવો.

66




(A) 28

(B) 16

(C) 22

(D) 18

67




(A) 16

(B) 30

(C) 27

(D) 22

68



(A) 19

(B) 18


(C) 17

(D) 16



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

69




(A) 8

(B) 12

(C) 16

(D) 20

70



(A) 13


(B) 15

(C) 7

(D) 16

સૂચના : આપેલ પ્રશ્નક્રમાંક 71 થી 72 માં દર્શાવેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલાં ચોરસ છે તે જણાવો.

71




(A) 21

(B) 22

(C) 23

(D) 24

72



(A) 21


(B) 22

(C) 23

(D) 24

સૂચના : આપેલ પ્રશ્નક્રમાંક 73 થી 75 માં દર્શાવેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલાં લંબચોરસ છે (જે ચોરસ ન હોય)તે જણાવો.

73



(A) 8


(B) 10

(C) 12

(D) 14



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

74 

(A) 68

(B) 72

(C) 80

(D) 80 કરતાં વધુ

75 

(A) 45

(B) 30

(C) 31

(D) 14

સૂચના : નીચે આપેલા 76 થી 80 પ્રશ્નોમાં આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ જણાવો.

76 MARCH

(A) AHMCR

(B) ACMHR

(C) ACRHM

(D) ACHMR

77 GLOWS

(A) GLOSW

(B) GLOWS

(C) GOLSW

(D) GLWSO

78 JUNKY

(A) JNKYU

(B) JNKUY

(C) JKNUY

(D) JKNYU

79 DEBIT

(A) BEDIT

(B) BDEIT

(C) BDETI

(D) BDIET



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

80 AUDIO

(A) AIDOU
(B) ADOIU
(C) ADIOU
(D) DAIOU

સૂચના : નીચે આપેલા પ્રશ્ન 81 થી 85 માં ગુજરાતી મૂળાક્ષરોને નીચે મુજબ અંકમાં દર્શાવીને સાચા વિકલ્પથી જવાબ આપો.

| અંક : | 1 | 3 | 5 | 7 | 9 | 2 | 4 | 6 | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષર : | વ | ડ | ન | ગ | ર | જ | સ | દ | ણ |

81 સગવડ = ?

(A) 4531
(B) 4513
(C) 4713
(D) 4371

82 વન + દર = ?

(A) 84
(B) 68
(C) 72
(D) 78

83 રણ − જડ = ?

(A) 66
(B) 75
(C) 65
(D) 86

84 દસ − નવ = ?

(A) રગ
(B) જડ
(C) નડ
(D) વડ

85 આપેલા વિકલ્પો પૈકી કયું સાચું નથી ?

(A) નવ > વન
(B) ર x ણ = ગજ
(C) વરસ < વદન
(D) રદ + ગજ = વદણ

સૂચના : નીચે આપેલા પ્રશ્નક્રમાંક 86 થી 90 માં દર્શાવેલ વિકલ્પોને તાર્કિક રીતે ઉતરતા ક્રમમાં ગોઠવો.

86 1. ભારતનાં રાજ્યો
2. ભારતના કેન્દ્રશાસિત પ્રદેશો
3. ભૂમિખંડો
4. ગુજરાતના જિલ્લાઓ
(સંખ્યાના આધારે)

(A) 2 – 4 – 3 – 1
(B) 3 – 2 – 1 – 4
(C) 4 – 2 – 3 – 1
(D) 4 – 1 – 3 – 2



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

87 1. વ્હેલ (A) 2 – 4 – 3 – 1
2. સ્ટારફિશ (B) 2 – 1 – 4 – 3
3. હાથી (C) 2 – 4 – 1 – 3
4. વાઘ (D) 2 – 1 – 3 – 4
(કદના આધારે)

88 1. જ્ઞાન (A) 3 – 4 – 2 – 1
2. ક્ષત્રિય (B) 4 – 1 – 2 – 3
3. કંતાન (C) 3 – 2 – 1 – 4
4. શરણ (D) 4 – 2 – 3 – 4
(શબ્દકોશના આધારે)

89 1. નાતાલ (A) 1 – 3 – 2 – 4
2. જન્માષ્ટમી (B) 3 – 2 – 1 – 4
3. ગાંધીજયંતી (C) 3 – 2 – 4 – 1
4. શિવરાત્રી (D) 4 – 2 – 3 – 1
(કેલેન્ડરના ક્રમના આધારે)

90 1. 3 અને 4 નો લ.સા.અ. (A) 4 – 2 – 3 – 1
2. 2 અને 12 નો ગુ.સા.અ. (B) 4 – 3 – 2 – 1
3. સૌથી નાની વિભાજ્ય સંખ્યા (C) 1 – 2 – 3 – 4
4. સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા (D) 1 – 3 – 2 – 4



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

91 $-5$ ની વ્યસ્ત સંખ્યા કઈ છે ?

(A) 5 (B) 0 (C) $\frac{1}{5}$ (D) $-\frac{1}{5}$

92 નીચેનામાંથી કઈ ક્રિયા માટે સંમેય સંખ્યાઓ સંવૃત્ત નથી ?

(A) સરવાળો (B) બાદબાકી (C) ગુણાકાર (D) ભાગાકાર

93 પૂર્ણાંક સંખ્યાઓ માટે કયું વિધાન ખોટું છે ?

(A) બે ધનપૂર્ણાંકોનો સરવાળો કરતાં જવાબ ધનપૂર્ણાંક જ મળે છે.

(B) એક ધનપૂર્ણાંક અને એક ઋણ પૂર્ણાંકનો સરવાળો કરતાં જવાબ હંમેશાં ઋણ પૂર્ણાંક જ મળે છે.

(C) બે ઋણ પૂર્ણાંકોનો સરવાળો કરતાં જવાબ ઋણપૂર્ણાંક જ મળે છે.

(D) 8 ની વિરોધી સંખ્યા $(-8)$ છે.

94 15 પ્રશ્નોની કસોટીમાં દરેક સાચા જવાબ માટે 4 ગુણ અને દરેક ખોટા જવાબ માટે $(-2)$ ગુણ મળે છે. મોનિકાના પ્રશ્નોના જવાબ સાચા છે અને બાકીના બધા પ્રશ્નોના જવાબ ખોટા છે, તો તેને કેટલા ગુણ મળે ?

(A) 10 (B) 5 (C) 0 (D) $(-10)$

95 4 માંથી $2\frac{3}{5}$ બાદ કરતાં કેટલા મળે ?

(A) $1\frac{2}{5}$ (B) 2 (C) $2\frac{3}{5}$ (D) $2\frac{2}{5}$

96 '16 નો $\frac{1}{2}$ ભાગ' ને કેવી રીતે દર્શાવી શકાય ?

(A) $16+\frac{1}{2}$ (B) $16-\frac{1}{2}$ (C) $16+\frac{1}{2}$ (D) $16\div\frac{1}{2}$

97 63.752 માં 2 ની સ્થાનકિંમત કેટલી છે ?

(A) 2 (B) $\frac{2}{10}$ (C) $\frac{2}{100}$ (D) $\frac{2}{1000}$

98 પાંચ વાસણોમાં ક્રમશઃ 20 લિટર, 50 લિટર, 60 લિટર, 15 લિટર અને 5 લિટર પાણી છે. જો આ પાણી પાંચેય વાસણોમાં એકસરખું ભરવાનું હોય, તો દરેક વાસણમાં કેટલું પાણી રાખવું પડે ?

(A) 50 લિટર (B) 20 લિટર

(C) 30 લિટર (D) 60 લિટર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

99 '$x$ નો પાંચમો ભાગ 6 કરતાં 7 વધારે છે.' આ વિધાનને સમીકરણ સ્વરૂપે કઈ રીતે લખાય ?

(A) $x + 5 = 6 - 7$ (B) $\frac{x}{6} + 6 = 7$ (C) $\frac{x}{5} - 6 > 7$ (D) $\frac{x}{5} - 6 = 7$

100 $27^0$ ના ખૂણાનો પૂરકકોણ કયો ?

(A) $153^0$ (B) $73^0$ (C) $63^0$ (D) $23^0$

101 બે સમાંતર રેખાની છેદિકાથી બનતા એકબાજુના અંતકોણ .......... હોય છે.

(A) રૈખિક (B) પૂરક (C) લઘુકોણ (D) ગુરુકોણ

102 ત્રિકોણ માટે કયું વિધાન હંમેશાં સાચું નથી ?

(A) ત્રિકોણની મધ્યગા હંમેશાં ત્રિકોણની અંદરના ભાગમાં જ હોય.

(B) ત્રિકોણનો વેધ હંમેશાં ત્રિકોણની અંદરના ભાગમાં જ હોય.

(C) ત્રિકોણનો બહિષ્કોણ તેના અંતઃસંમુખકોણના સરવાળા જેટલો હોય.

(D) ત્રિકોણના ત્રણેય ખૂણાના માપનો સરવાળો $180^0$ હોય.

103 30 : 35 નો સમાન ગુણોત્તર કયો ?

(A) 42 : 49 (B) 3 : 7 (C) 3 : 5 (D) 60 : 80

104 $\frac{-45}{30}$ નું પ્રમાણિત સ્વરૂપ કયું છે ?

(A) $-\frac{3}{2}$ (B) $\frac{3}{2}$ (C) $-\frac{45}{30}$ (D) – 45 : 30

105 14 સેમી વ્યાસવાળા વર્તુળનો પરિઘ કેટલો થાય ? $(\pi = \frac{22}{7})$

(A) 14 સેમી (B) 44 સેમી (C) 88 સેમી (D) 140 સેમી

106 $27y - x^4$ માં $x^4$ નો સંખ્યાત્મક સહગુણક કયો છે ?

(A) 24 (B) 4 (C) 1 (D) (– 1)

107 $(b^4)^2 \times b^2 \div b^4$ નું સાદુરૂપ શું થાય ?

(A) $b^6$ (B) $b^4$ (C) $b^2$ (D) $4b^{22}$



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

108 નીચેના વિધાનો વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વિધાન : 1 (− 7) એ પ્રાકૃતિક સંખ્યા છે.

વિધાન : 2 $\left(\frac{3}{7}\right)$ એ સંમેય સંખ્યા છે.

(A) વિધાન : 1 સાચું છે. (B) વિધાન : 2 સાચું છે.

(C) બંને વિધાન સાચા છે. (D) બંને વિધાન ખોટાં છે.


109 સમીકરણ ઉકેલો : $2x - 1 = 14 - x$

(A) $x = (-3)$ (B) $x = 3$ (C) $x = 15$ (D) $x = (-15)$

110 હરિ અને રામની હાલની ઉંમરનો ગુણોત્તર 2:3 છે. પાંચ વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર = 3:4 થાય તો 10 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર ............ થાય.


(A) 4:3 (B) 2:4 (C) 5:4 (D) 4:5

111 નીચે દર્શાવેલ આકૃતિમાં $x$ની કિંમત શોધો.




(A) 90 (B) 120 (C) 110 (D) 160

112 નીચે આપેલ આકૃતિ પરથી $x + y =$ .......... થાય.





(A) 16 (B) 15 (C) 45 (D) 3



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સૂચના : નીચે આપેલા પ્રશ્નક્રમાંક 113 અને 114 નો ઉત્તર નીચેની આકૃતિ પરથી આપો.




113 રમત રમવા માટે કેટલા ટકા સમયનો ઉપયોગ કરે છે ?

(A) 24 % (B) 25 % (C) 12.5 % (D) 30 %

114 ઊંઘ તથા ગૃહકાર્ય માટે કેટલા ટકા સમયનો ઉપયોગ કરે છે ?

(A) 50% (B) 12 % (C) 100% (D) 75 %

115 એક પેટીમાં વાદળી રંગના દડા 7, લાલ રંગના દડા 8 તથા લીલા રંગના 5 દડા છે. જો એક દડાને યાદચ્છિક રીતે પસંદ કરતાં પસંદ કરેલ દડો લાલ રંગનો હોય તેની સંભાવના .......... થાય.

(A) $\frac{7}{20}$ (B) $\frac{15}{20}$ (C) $\frac{2}{5}$ (D) $\frac{3}{5}$

116 91125 ના ઘનમૂળનો વર્ગ ............ થાય.

(A) 91125 (B) 45 (C) 2025 (D) 6025

117 રૂા. 550 ની વસ્તુ પર 20% વળતર આપતાં તે વસ્તુ ખરીદવા કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

(A) રૂા. 110 (B) રૂા. 530 (C) રૂા. 440 (D) રૂા. 500

118 $35^2 =$ ..................

(A) 2125 (B) 425 (C) 1025 (D) 1225

119 6400 નું વર્ગમૂળ જણાવો.

(A) 40 (B) 60 (C) 80 (D) 100

120 નીચેના પૈકી અસંગત વિધાન જણાવો.

(A) કોટિકોણના માપનો સરવાળો $90^0$ થાય.

(B) પૂરકકોણના માપનો સરવાળો $180^0$ થાય.

(C) રૈખિક જોડનાં ખૂણાનો સરવાળો $270^0$ થાય.

(D) અભિકોણો સરખા માપના હોય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

121 છાણીયા ખાતર કે રાસાયણિક ખાતરમાં કયા તત્ત્વો રહેલા હોય છે ?

(A) નાઈટ્રોજન, પોટેશિયમ અને ફોસ્ફરસ

(B) નાઈટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, ફોસ્ફરસ

(C) ઓક્સિજન, સોડિયમ, પોટેશિયમ

(D) ઓક્સિજન, સોડિયમ, નાઈટ્રોજન

122 ક્લિનીકલ થર્મોમીટર દ્વારા કેટલા સેલ્સિયસ સુધીનું તાપમાન માપી શકાય છે ?

(A) 0 થી 14 (B) 35 થી 42 (C) 50 થી 78 (D) 94 થી 108

123 નીચેનામાંથી કયું પ્રાણી મોટેભાગે ધ્રુવ પ્રદેશમાં રહે છે ?

(A) હાથી (B) વાઘ (C) રેન્ડિયર (D) ગોરીલા


124 સામાન્ય રીતે નીચેનામાંથી કયો ભાગ સ્ટેથોસ્કોપમાં હોતો નથી ?

(A) કંપનશીલ પડદો

(B) મરક્યુરી ભરેલી નળી

(C) ઈયરપીસ

(D) નળી

125 વિદ્યુત પરિપથના કયા ઘટક માટે  સંજ્ઞાનો ઉપયોગ થાય છે ?

(A) વિદ્યુતબલ્બ (B) વિદ્યુતકોષ

(C) વિદ્યુતકળ ખુલ્લી (D) જોડાણતાર

126 સમતલ અરિસાથી મળતા પ્રતિબિંબ માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) પ્રતિબિંબ સીધું હોય છે.

(B) અરિસાથી વસ્તુ અને તેના પ્રતિબિંબનું અંતર જુદુ જુદુ હોય છે.

(C) વસ્તુ જેટલા જ પરિમાણનું હોય છે.

(D) વસ્તુનો ડાબો ભાગ પ્રતિબિંબમાં જમણો બની જાય છે.

127 નીચેનામાંથી ખરીફ પાક કયો છે ?

(A) ચણા (B) વટાણા (C) ઘઉં (D) ડાંગર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

128 વાઈરસથી થતો રોગ કયો છે ?

(A) કોલેરા (B) ટાઈફોઈડ (C) મેલેરિયા (D) પોલિયો

129 પુનઃ પ્રાપ્ય કુદરતી સંસાધનને ઓળખી બતાવો.

(A) કોલસો (B) પેટ્રોલિયમ (C) હવા (D) કુદરતી વાયુ

130 1 કિ.ગ્રા. બળતણનું સંપૂર્ણ દહન થવાથી ઉત્પન્ન થતાં ઉષ્મા ઊર્જાના જથ્થાને શું કહે છે ?

(A) દહન મૂલ્ય (B) કેલરી મૂલ્ય (C) જૂલ મૂલ્ય (D) ઊર્જા મૂલ્ય

131 ઓક્ઝેલિક એસિડ નીચેનામાંથી કઈ વસ્તુમાંથી પ્રાપ્ત થશે.

(A) નારંગી (B) લીંબુ (C) આમળાં (D) પાલક

132 પાણી એ અમૂલ્ય સ્ત્રોત છે. તે માટેની જાગૃતિ કેળવવા માટે દર વર્ષે ........... દિવસ વિશ્વ જળ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

(A) 22 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 12 માર્ચ (D) 22 માર્ચ

133 રામાભાઈની ઉંમર 63 વર્ષની છે. તેમને નાના અક્ષરે લખેલાં લેખ વાંચવામાં તકલીફ પડે છે. તો તે .......... નો ઉપયોગ કરી સરળતાંથી વાંચી શકે છે.

(A) અંતર્ગોળ લેન્સ (B) બહિર્ગોળ લેન્સ

(C) અંતર્ગોળ અરીસો (D) બહિર્ગોળ અરીસો

134 નીચેનામાંથી કયા પુષ્પો એકલિંગી પુષ્પ નથી ?

(A) કાકડી (B) સરસવ (C) પપૈયા (D) મકાઈ

135 રૂધિરમાં રહેલા ............. કણો શરીરમાં પ્રવેશતા જીવાણુઓ સામે લડે છે.

(A) રક્તકણ (B) શ્વેતકણ (C) ત્રાકકણ (D) હિમોગ્લોબિન

136 MCB નું આખું નામ શું થાય ?

(A) મિનીમમ સર્કિટ બ્રેકર

(B) મેક્સીમ સર્કિટ બ્રેકર

(C) મિનીએચર સર્કિટ બ્રેકર

(D) મિનીબેચર સર્કિટ બ્રેકર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

137 નીચે આપેલા પગલાંને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(i) સિંચાઈ, (ii) સંગ્રહ, (iii) રોપણી, (iv) નીંદણથી રક્ષણ, (v) લણણી

(A) (ii) – (iii) – (iv) – (i) – (v)

(B) (iii) – (i) – (iv) – (v) – (ii)

(C) (iii) – (i) – (iv) – (ii) – (v)

(D) (ii) – (iii) – (iv) – (v) – (i)

138 જામ, જેલી તથા ફળોના રસની જાળવણી માટે તેમાં પ્રિઝર્વેટિવ્સ તરીકે કયો પદાર્થ ઉમેરવામાં આવે છે ?

(A) મીઠું (B) ખાંડ (C) વિનેગાર (D) તેલ

139 સલ્ફ્યુરસ એસિડનું સૂત્ર કયું થાય ?

(A) $H_2SO_3$ (B) $H_2SO_4$ (C) $H_2CO_3$ (D) $H_2PO_4$

140 નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) ધાતુઓનું દહન કરતાં તે ઑક્સિજન સાથે પ્રક્રિયા કરી ધાતુના ઑક્સાઈડ બનાવે છે.

(B) અધાતુઓના ઑક્સાઈડ એસિડિક પ્રકૃતિ ધરાવે છે.

(C) ધાતુઓના ઓક્સાઈડ તટસ્થ હોય છે.

(D) ધાતુઓની એસિડ સાથે પ્રક્રિયા થવાથી હાઈડ્રોજન વાયુ ઉત્પન્ન થાય છે.

141 સજીવો સરળ પદાર્થોમાંથી પોતાનો ખોરાક જાતે બનાવે છે. જેને શું કહે છે ?

(A) પરાવલંબી પોષણ (B) સ્વાવલંબી પોષણ

(C) મૃતપોષી પોષણ (D) સહજીવન

142 છેદક દાંતની કુલ સંખ્યા ........... હોય છે.

(A) 4 (B) 6 (C) 8 (D) 10

143 ગરમ દૂધના ગ્લાસમાં સ્ટીલની ચમચી રહેલી હોય તો તેમાં ...... પ્રક્રિયા દ્વારા ઉષ્મા ચમચીના બીજા છેડા પર પહોંચે છે.

(A) ઉષ્માનયન (B) ઉષ્માવહન (C) ઉષ્માવિકિરણ (D) ઉષ્માઉત્સર્જન



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

144 દહીમાં કયા પ્રકારનો એસિડ હોય છે ?

(A) ફોર્મિક એસિડ

(B) સાઇટ્રિક એસિડ

(C) એસિટિક એસિડ

(D) લેક્ટિક એસિડ

145 લાકડાંનું સળગવું એ કયા પ્રકારનો ફેરફાર કહેવાય ?

(A) ભૌતિક ફેરફાર

(B) રાસાયણિક ફેરફાર

(C) પુનરાવર્તિત ફેરફાર

(D) ઊલટાવી શકાય તેવો ફેરફાર

146 લોખંડ પર જસતનો ઢોળ ચડાવવાની ક્રિયાને ............... કહે છે.

(A) વિસ્થાપન (B) ઑક્સિડેશન

(C) રિડક્શન (D) ગેલ્વેનાઇઝેશન

147 પવનનો વેગ વધવાને લીધે હવાનું દબાણ ............... છે.

(A) ઘટે (B) વધે (C) સ્થિર રહે (D) કંઈજ ફરક ન પડે

148 હિમોગ્લોબિન એ .............. કોષમાં હાજર હોય છે.

(A) શ્વેતકણ (B) ત્રાકકણ (C) રક્તકણ (D) પ્લેટલેટ્સ

149 નીચે આપેલા સંબંધો પૈકી કયો સંબંધ સાચો છે ?

(A) ઝડપ = અંતર x સમય

(B) ઝડપ = $\frac{\text{સમય}}{\text{અંતર}}$

(C) ઝડપ = $\frac{\text{અંતર}}{\text{સમય}}$

(D) ઝડપ = $\frac{1}{\text{અંતર} \times \text{સમય}}$



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

150 સ્વચ્છ બળતણ જણાવો.

(A) પેટ્રોલ

(B) ડિઝલ

(C) CNG

(D) કેરોસીન

151 એક વિદ્યાર્થી પરમારવંશના રાજાઓની યાદી બનાવી રહ્યો હતો. યાદીમાં કયા ત્રણ રાજાઓ લખશે તો તેની યાદી સાચી ગણાશે ?

(A) સીયક, મુંજ, ભોજ

(B) મદનચંદ્ર, ગોવિંદચંદ્ર, મુંજ

(C) મુંજ, ભોજ, અજયરાજ

(D) યશોવર્મન, કીર્તિવર્મન, પરમર્હિદેવ

152 આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ ઔરંગઝેબના સમયમાં નિર્માણ પામેલ સ્થાપત્ય છે ?

(A) સલીમ ચિશ્તીની દરગાહ

(B) સસારામનો મકબરો

(C) મોતી મસ્જિદ

(D) રાબિયા - ઉદ્ - દૌરાનનો મકબરો

153 એક શિક્ષક તેમના વિદ્યાર્થીઓને ગિરિદુર્ગ વિશે માહિતી આપી રહ્યા હતા. આ ગિરિદુર્ગ જોવા માટે તેઓ કયા જિલ્લામાં ગયા હશે ?

(A) મહેસાણા

(B) પાટણ

(C) જૂનાગઢ

(D) અમદાવાદ

154 એકભાઈ તુલસીદાસના બે ગ્રંથો ખરીદવા માંગતા હતા. તમે કયા બે ગ્રંથો ખરીદવાનું કહેશો તો તેની ઈચ્છા પૂરી થશે?

(A) વિનયપત્રિકા, દાસબોધ

(B) બીજક, વિનયપત્રિકા

(C) દાસબોધ, રામચરિતમાનસ

(D) વિનયપત્રિકા, રામચરિતમાનસ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

155 એક શાળાના વિદ્યાર્થીઓ ઓડિસાના પુરીમાં આવેલા જગન્નાથ મંદિરની મુલાકાતે આવેલા છે. કયા વંશના રાજાએ આ મંદિરનું નિર્માણ કાર્ય કરાવેલું ?

(A) ગંગવંશ
(B) રાષ્ટ્રકૂટ વંશ
(C) મૈત્રકવંશ
(D) સેનવંશ

156 એકભાઈ દ્રવિડ શૈલીના મંદિરોનો અભ્યાસ કરે છે. નીચેનામાંથી કયું મંદિર એ અભ્યાસ માટે પસંદ કરશે ?

(A) જગન્નાથ મંદિર (પુરી)

(B) બૃહદેશ્વર (રાજરાજેશ્વર)નું મંદિર

(C) સૂર્યમંદિર (મોઢેરા)

(D) હોયસળેશ્વરનું મંદિર (હલે બીડુ)

157 ભૂમિખંડની સપાટી ખાસ કરીને કયા ખનીજોથી બનેલી છે ?

(A) સિલિકા - એલ્યુમિના

(B) સિલિકા - મેગ્નેશિયમ

(C) નિકલ - ફેરસ

(D) નિકલ - એલ્યુમિના

158 એક વિદ્યાર્થી વાતાવરણના વિવિધ આવરણોની સ્તરરચના બનાવી રહ્યો છે. પૃથ્વીની સપાટીથી ઊંચાઈ તરફ જતા આવરણો દર્શાવતો કયો વિકલ્પ સાચો છે ?

(A) ક્ષોભ - આવરણ, મધ્યાવરણ, સમતાપ આવરણ, ઉષ્માવરણ

(B) ઉષ્માવરણ, મધ્યાવરણ, ક્ષોભ - આવરણ, સમતાપ આવરણ

(C) સમતાપ આવરણ, મધ્યાવરણ, ક્ષોભ - આવરણ, ઉષ્માવરણ

(D) ક્ષોભ - આવરણ, સમતાપ આવરણ, મધ્યાવરણ, ઉષ્માવરણ

159 એકબેનને તેમના દિકરાના લગ્નપ્રસંગે મીઠાઈઓ બનાવવા માટે વિવિધ વસ્તુઓની જરૂર છે. વસ્તુઓ ખરીદતી વખતે તેની ગુણવત્તા માટે તેઓ કઈ નિશાનીનો આગ્રહ રાખશે ?

(A) એગમાર્ક
(B) હોલમાર્ક
(C) આઈ.એસ.આઈ.
(D) વૂલમાર્ક



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

160 82 વર્ષની વયે સ્વાતંત્ર્ય સંગ્રામનું નેતૃત્વ સંભાળનાર બિહારના જાગીરદારનું નામ જણાવો.

(A) બેગમ હજરત મહલ
(B) તાત્યા ટોપે
(C) કુંવરસિંહ
(D) નાનાસાહેબ પેશ્વા

161 રાસાયણિક ખાતરના વધુ પડતા વપરાશને કારણે જમીન પર કઈ અસર જોવા મળે છે ?

(A) જમીન હંમેશ માટે જંતુમુક્ત બને છે.
(B) જમીનની ગુણવત્તામાં ઘટાડો થાય છે.
(C) જમીન ફળદ્રુપ બને છે.
(D) જમીન પોચી બને છે.

162 વર્લ્ડ હેરિટેજ સાઇટમાં જેનો સમાવેશ થાય છે તે રાણીની વાવ બંધાવનાર રાણી ઉદયમતિના લગ્ન ભીમદેવ (પ્રથમ) સાથે થયા હતા. ભીમદેવ (પ્રથમ) કયા વંશના રાજવી હતા ?

(A) સોલંકી
(B) પરમાર
(C) ચૌહાણ
(D) ચંદેલ

163 'દાનસાગર' અને 'અદ્‌ભુત સાગર' નામના ગ્રંથોની રચના કરનાર બલ્લાલના પિતાનું નામ શું હતું ?

(A) અર્જુનદેવ
(B) સારંગદેવ
(C) ગોપાલ સેન
(D) વિજયસેન

164 ગુરુના નામ પરથી 'વિદ્યાનગર' ને રાજ્યની રાજધાની તરીકે સ્થાપિત કરનાર રાજવીઓ કયા વંશના હતા ?

(A) અરવિંદુ વંશ
(B) સાલુવવંશ
(C) સંગમવંશ
(D) તુલુવવંશ

165 કોણાર્કના સૂર્યમંદિર સંદર્ભે નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) મંદિર બંગાળના અખાત પાસે આવેલું છે.
(B) રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં મંદિરનું નિર્માણ થયું હતું.
(C) મંદિરનું નિર્માણ 12 મી સદીમાં થયું હતું.
(D) મંદિરને 'કાળા પેગોડા' તરીકે પણ ઓળખવામાં આવે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

166 અપૂર્વ સાહિત્યકાર અને તેમની કૃતિના જોડકાં ગોઠવી રહ્યો છે. કયું જોડકું બંધબેસતું નથી?

(A) પદ્માવત - પદ્મનાભ

(B) હિતોપદેશ - નારાયણ

(C) લીલાવતી - ભાસ્કરાચાર્ય

(D) ગીતગોવિંદમ્ - જયદેવ

167 કૃષ્ણભક્તિનાં ગીતો કે પદો રચનાર તરીકે કોનો સમાવેશ કરી શકાય નહીં?

(A) ચૈતન્યમહાપ્રભુ
(B) તુલસીદાસ
(C) સૂરદાસ
(D) મીરાંબાઈ

168 'અવેસ્તા' નામના પ્રાર્થનાગ્રંથમાં પસ્તાવા માટેની પ્રાર્થના આપવામાં આવેલી છે. આ ગ્રંથમાં માનનારા લોકો કયા સ્થળે જઈને પ્રાર્થના કરે છે?

(A) ગુરુદ્વારા
(B) મસ્જિદ
(C) અગિયારી
(D) મંદિર

169 હિમનદી દ્વારા લાવવામાં આવેલ વિવિધ પદાર્થો નિક્ષેપિત થતાં તેના પ્રવાહ વચ્ચે ટેકરીરૂપે રચાતા ભૂમિસ્વરૂપોને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) ડ્રમલિન
(B) લોએસ
(C) સ્ટૈક
(D) ડેલ્ટા

170 આયાનાવરણ અને બાહ્યાવરણ એવા બે પેટા વિભાગોમાં વહેંચાયેલું આવરણ કયું?

(A) મધ્યાવરણ
(B) ઉષ્માવરણ
(C) સમતાપ આવરણ
(D) ક્ષોભ - આવરણ

171 ઈ.સ. 1698 માં અંગ્રેજોને ત્રણ ગામોની જમીનદારી મળી. આપેલ વિકલ્પોમાથી એ ત્રણ ગામની પસંદગી કરો.

(A) સુરત, કાલીઘાટ, ગોવિંદપુર

(B) સુતનતી, કાલીઘાટ, ગોવિંદપુર

(C) બાલાસોર, સુરત, કાલીઘાટ

(D) સુરત, બાલાસોર, પટણા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

172 ભારતમાં ભૂ-તાપીય ઊર્જાના પ્લાન્ટની મુલાકાત લેવા માટે તમે ક્યાં જશો ?

(A) ઓડિશા અને અસમ

(B) મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર

(C) હિમાચલપ્રદેશ અને લદ્દાખ

(D) ગુજરાત અને ઉત્તરપ્રદેશ

173 બંધારણ ઘડવા માટે રચવામાં આવેલી બંધારણ સભાના અધ્યક્ષ તરીકે કોણે કામગીરી કરી હતી ?

(A) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(B) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(C) જવાહરલાલ નહેરુ

(D) સરદાર વલ્લભભાઈ પટેલ

174 અંગ્રેજોએ કયા સ્થળે સૌ પ્રથમ પોતાની કોઠી સ્થાપી ?

(A) સુરત (B) કાલીકટ

(C) મદ્રાસ (D) હુગલી

175 ઈ.સ. 1857 ના સંગ્રામનો પ્રથમ શહીદ કોણ બન્યું હતું ?

(A) રાણી લક્ષ્મીબાઈ (B) તાત્યા ટોપે

(C) મંગલ પાંડે (D) ગરબડદાસ

176 વર્તમાન સમયમાં આપણા દેશની રાજધાની કઈ છે ?

(A) દિલ્હી (B) ગાંધીનગર

(C) મુંબઈ (D) સુરત

177 દિલ્હી કઈ નદીના કિનારે વસેલું છે ?

(A) ગંગા (B) સતલૂજ

(C) બ્રહ્મપુત્રા (D) યમુના



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

178 જમશેદજી તાતાએ સૌ પ્રથમ ક્યાં લોખંડનું કારખાનું સ્થાપ્યું હતું ?

(A) સાકચી

(B) મદ્રાસ

(C) મદુરાઈ

(D) સોલાપુર

179 ઈ.સ. 1920માં અમદાવાદમાં ગાંધીજીએ શેની સ્થાપના કરી હતી ?

(A) ગુજરાત વિદ્યાપીઠ

(B) દાંડી આશ્રમ

(C) ટોલ્સટોય આશ્રમ

(D) સંસ્કૃત વિદ્યાપીઠ

180 સ્વામિ વિવેકાનંદના માતાનું નામ જણાવો.

(A) ભૂવનેશ્વરી દેવી

(B) રાજેશ્વરી દેવી

(C) સરસ્વતિ દેવી

(D) મમતેશ્વરી દેવી

◆◆◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in